DATE: 23/06/2025 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-04

### ફરાર બૂટલેગરને ઝડપી પાડવા પોલીસની કવાયત

# ઝઘડિયા દરિયા ગામે મહિલાના ઘરમાં સંતાડી રાખેલો દારૂ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના દરિયા ગામેથી પોલીસે વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઈને આ ગુના હેઠળ એક ઈસમને વોન્ટેડ જાહેર કર્યો હતો. ઝઘડિયા ડિવિઝન મદદનીશ પોલીસ અધિક્ષક અજયકુમાર મીણા અને ઝઘડિયા પીઆઈ એન.આર.ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફના માણસો કડિયા ડુંગર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળેલ કે દરિયા ગામના જસ્ટીન વસાવાએ તેના ઘરની સામે આવેલ કવિતા વસાવાના ઘરમાં વિદેશી દારૂનો જથ્થો વેચાણ કરવાના ઈરાદે સંતાડી રાખેલ છે. પોલીસે મળેલ બાતમી મુજબના સ્થળે રેઈડ કરતા ઘરમાંથી વિદેશી દારૂનો કુલ રૂપિયા 9640 ની કિંમતનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસની રેઈડ દરમિયાન સદર ઈસમ સ્થળ પર હાજર મળેલ નહિ હોવાથી પોલીસે વિદેશી દારૂનો જથ્થો કબ્જે લઈને દારૂનો જથ્થો લાવીને સંતાડી રાખનાર જસ્ટીનવસાવાને વોન્ટેડ જાહેર કરીને તેના વિરૂધ્ધ ગુનો દાખલ કરીને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 23/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# અંકલેશ્વર સ્ટેશન વિસ્તારમાં જુગાર રમતા ૧૧ જુગારી ઝડપાયા

અંકલેશ્વર, તા. ૨૨

અંકલેશ્વરના રેલ્વ સ્ટેશન પ્રતીન ચોકડી પાસે હોટેલની પાછળ આવેલ શોપીંગમાં જુગાર રમતા ૧૧ જુગારીને પોલીસે ઝડપી પાડ્યા હતા.પોલીસે તમામની રૂ.૧૨,૯૦૦ની જુગારની રકમ સાથે અટકાયત કરી હતી.

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે કેટલાક ઈસમો વેલકમ હોટલ પાસે જુગાર ખેલી રહ્યા છે. સ્થળ પર રેઈડ કરતા ૧૧ જુગારીઓને ઝડપી પાડ્યા હતા.તેઓ પાસેથી પોલીસે અંગઝડતીના રોકડા રૂ.૧૦,૪૯૦, દાવ ઉપરના રોકડા રૂ.૨૪૫૦ મોબાઈલ નંગ-૦૪ રૂ.૨૦૦૦૦, એક મોબાઈલ રૂ.૫૦૦ મળી કુલ રૂ.૩૩,૪૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે ભરત કસના બારૈયા, અશોક ગુલાબજી મારવાડી,હરીચંદ્ર મિઠુ ખરડી મહેન્દ્ર પ્રતાપ મહિપાલ સિંઘ, રાહુલ ભરત ગામીત,ઉમેશ અરવિંદ વસાવા, કિશન મંડલ, રાજેશ છુટકાઉ નિશાર, બહાદુર રતન ગણાવા, ઈરફાન અકબર શેખ, વિનય આશારામ પાસવાનની ધડપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 23/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 2013માં ટ્રકમાં 513 કિલો ગાંજો ઓરિસ્સાથી મોકલાયો હતો

# અંકલેશ્વરમાં ગાંજાના ગુનામાં ફરાર આરોપી 12 વર્ષે ભૂવનેશ્વરથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

વર્ષ 2013માં ઓરિસ્સાના મનોજ કુમાર પાંડીએ કટક મોધલીનામના ટ્રાન્સપોર્ટમાં 513.45 કિલો ગાંજો મોકલ્યો હતો. ગાંજો સુરત ખાતે રહેતો કુન્ના ઉર્ફે સંતોષ કુમાર અંકલેશ્વરના મોતાલી પાટિયા પાસે આવેલ આઈ માતા હોટલ નજીકથી મેળવવાનો હતો. ટ્રકમાંથી ગાંજો અન્ય ગાડીમાં ભરવામાં આવી રહયો હતો ત્યારે પોલીસે દરોડો પાડયો હતો જેમાં 4 આરોપીને ઝડપી લેવામાં આવ્યાં હતાં. ગાંજાને લેવા આવનારો સુરતનો કુન્ના 2013થી ફરાર હતો. તે પોતાની ઓળખ છુપાવી અલગ અલગ સ્થળોએ રહેતો હતો. તેનું લોકેશન ભુવનેશ્વરના બ્રહ્મગીરીનું બતાવતા અંકલેશ્વર પોલીસે સ્થાનિક પોલીસને જાણ કરી હતી. ઓરિસ્સા પોલીસે આરોપીને ઝડપી પાડતાં તેનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવવામાં આવ્યો છે. આરોપી સુરત પોલીસ મથક માં 2017 થી 2024 દરમિયાન પ્રોહીબિશન ના 7 ગુના માં વોન્ટેડ હતો.અત્રે ઉલ્લેખનીય છે કે ઓરિસ્સાના ગંજામ જિલ્લા માંથી ગુજરાત માં સૌથી મોટા પાયે ગાંજા ની હેરાફેરી કરાઈ છે. અને ગજામ થી જ સમગ્ર નેટવર્ક ઓપરેટ થયા છે. ઓરિસ્સાથી ટ્રેન અથવા અન્ય સાધનો મારફતે ગાંજાની વ્યાપક પ્રમાણમાં હેરાફેરી કરવામાં આવતી હોય છે. ટ્રેનમાંથી ઘણી વખત ગાંજો ભરેલી બેગો બિનવારસી હાલતમાં મળી આવતી હોય છે. અંકલેશ્વર પોલીસ હાલ તો આરોપીની વધુ પૂછપરછ કરી રહી છે.

**DATE: 24/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સુપર માર્કેટની સામે ધીકુડિયા વિસ્તારમાં ચોરીનો ભેદ ઉકેલાયો

# ભરૂચમાં પાડોશીના ઘરમાં જ 3.29 લાખની ધાપ મારનાર શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના સુપર માર્કેટ સામેના ધીકુડિયા વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ એ ડિવિઝન પોલીસે 24 કલાકમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે ફરિયાદીના પાડોશમાં રહેતા યુવકની ધરપકડ કરી છે. 20 જૂનની રાત્રે અજાણ્યા શખ્સે ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂ. 3,92,770ની ચોરી કરી હતી. આ અંગે ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો



હતો. પીઆઈ આર.એમ.વસાવા અને પીએસઆઈ એ.વી. શિયાળીયાની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી. ત્યાર બાદ બાતમીના આધારે પોલીસે 24 વર્ષીય કુણાલ વસાવાની ધરપકડ કરી.

આરોપીએ પૂછપરછ દરમિયાન ચોરીની કબૂલાત કરી હતી. પોલીસે તેની પાસેથી 29.970 ગ્રામની સોનાની ચેઈન રૂ. 2,58,130, 10.770 ગ્રામનું પેન્ડલ સાથેની ચેઈન રૂ. 92,160, ત્રણ સોનાની વીંટી 1.870 ગ્રામ, રૂ. 11,580, બે પેન્ડલ 1.850 ગ્રામ, રૂ. 11,900 અને રોકડ રૂ. 19 હજાર કબજે કર્યા હતા. પોલીસે ઝડપી કાર્યવાહી કરીને આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. આમ કુલ રૂ. 3,92,770નો મુદ્દામાલ પોલીસે રિકવર કર્યો હતો.

**DATE: 24/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### શોપિંગ વિસ્તારથી 33 હજારનો મુદ્દામાલ જપ્ત

# પ્રતિન ચોકડી નજીક જુગાર રમતા 11 ખેલીઓની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેરમાં પોલીસે જુગારધામ પર દરોડો પાડી 11 જુગારીઓની ધરપકડ કરી છે. બી ડિવિઝન પોલીસ સ્ટેશનના PSI એ.બી.સોલંકી ગ્રામ પંચાયતની ચૂંટણી અનુસંધાને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી. પ્રતિન ચોકડી પાસે આવેલ વેલકમ હોટેલની પાછળના શોપિંગ વિસ્તારમાં ખુલ્લામાં ગંજીફાના પત્તા વડે જુગાર રમતા આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.33 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.પકડાયેલા આરોપીઓમાં ભરત બારૈયા , અશોક મારવાડી , હરિચંદ્ર ખરડી , મહેન્દ્રપ્રતાપ સિંઘ , રાહુલ ગામિત , ઉમેશ વસાવા , કિશનકુમાર મંડલ , રાજેશ નિશાર , બહાદુર ગણાવા , ઈરફાન શેખ અને વિનય પાસવાનનો સમાવેશ થાય છે.પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પકડાયેલા મોટાભાગના આરોપીઓ મજૂરી કામ કરે છે અને વિવિધ વિસ્તારોમાંથી આવ્યા હતા.

**DATE: 24/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### મકાન ભાડે, શ્રમિકોની નોંધણીના જાહેરનામાના ભંગનો ગુનો દાખલ

# ભરૂચમાં 45 બાંગ્લાદેશીને રહેઠાણ નોકરી આપનારા 11 સામે કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં થોડા દિવસો પહેલાં એસઓજીએ શહેરના ઉડાઈ, મહંમદપુરા અને અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાંથી 44 બાંગ્લાદેશી નાગરિકોને ઝડપી પાડયાં હતાં. ભરૂચ અને અંકલેશ્વરમાં ગેરકાયદેરીતે રહેતાં બાંગ્લાદેશીઓને મકાન ભાડે આપનારા તથા નોકરીએ રાખનારા 11 લોકો સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. એસઓજી પીઆઇ આનંદ ચૌધરીના નેતૃત્વમાં થયેલી કાર્યવાહીમાં 11 પુરુષ, 18 મહિલા અને 15 બાળકોની અટકાયત કરવામાં આવી છે.

તપાસમાં જાણવા મળ્યું કે આ લોકો બેથી લઈને 20 વર્ષ સુધીના સમયગાળાથી અહીં રહેતા હતા. મોટાભાગના લોકો માછીમારીના તળાવો પર મજૂરી કરતા હતા.પોલીસે આ લોકો પાસેથી કેટલાક દસ્તાવેજો પણ જપ્ત કર્યા છે. પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ રાજ્યભરમાં વિદેશી નાગરિકોની તપાસ ચાલી રહી છે. આ બાંગ્લાદેશી નાગરિકો ઘૂસણખોરી કરીને ભારતમાં આવી ગયાં હતાં. તપાસમાં જાણવા મળ્યું કે આ લોકો બેથી લઈને 20 વર્ષ સુધીના સમયગાળાથી અહીં રહેતા હતા.

તેમને રહેવા માટે મકાન ભાડે આપનારા તથા નોકરી આપનારાઓની વિગતો પોલીસને મળી હતી. જેના આધારે પોલીસે કુલ 11 લોકો સામે મકાનના ભાડુઆતની નોંધણી નહિ કરાવવી તથા પરપ્રાંતિય શ્રમિકોને નોકરીએ રાખવા છતાં પોલીસને જાણ નહિ કરવાના જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કર્યો છે.

**DATE: 24/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# જગન્નાથ યાત્રાના ફૂરજાબંદરથી સોનેરી મહેલ રૂટની ફ્લેગમાર્ચ



ભરૂચ। આગામી 27 જૂનના રોજ યોજાનાર રથયાત્રાના તહેવાર નિમિત્તે શહેરમાં કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભરૂચ એ તેમજ બી ડિવિઝન પોલીસ દ્વારા ફૂરજા બંદરથી સોનેરી મહેલ પોલીસ સ્ટેશન સુધી રથયાત્રાના રૂટ પર ફ્લેગમાર્ચ યોજવામાં આવી હતી.જેમાં એ અને બી ડિવિઝનના પીઆઈ,પીએસઆઈ સહિતના પોલીસ જવાનો જોડાયા હતા.

**DATE: 24/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### દહેજ બાદ નબીપુર નજીક ટેન્કરો ઉભા રખાવી તેમાંથી કેમિકલની ચોરી કરતા માફિયા સક્રિય

# હજીરાથી નંદેસરી જતા ટેન્કરમાં સ્ટાયરીન કેમિકલ ચોરીનું કૌભાંડ, 39 લાખના મુદ્દામાલ સાથે 4 ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

સુરતના હજીરા પોર્ટ પરથી વડોદરાની નંદેસરીની જીઆઈડીસીમાં સ્ટાયરીન નામનું કેમિકલ ભરીને જઇ રહેલાં ટેન્કરને નબીપુર નજીક અટકાવી તેમાંથી કેમિકલ ચોરી કરવાના કૌભાંડનો એલસીબીએ પર્દાફાશ કર્યો છે.

કેમિકલ ચોરીના મુખ્ય સુત્રધાર ગણાતાં પાલેજના સમીર મલંગાશા દિવાન સહીત 3 આરોપીની ધરપકડ કરવામાં આવી છે. કેમિકલ ભરેલા ટેન્કર સહિત 39 લાખ રૂપિયાનો મુદ્દામાલ હાલ પોલીસે કબજે લીધો છે. દહેજ તથા હજીરામાંથી કેમિકલ ભરીને નીકળતાં ટેન્કરોના ડ્રાઈવરો સાથે મેળાપીપણામાં ટેન્કરનો વાલ્વ ખોલી તેમાંથી કારબાઓ ભરીને કેમિકલની ચોરી કરવામાં આવતી હતી. ભરૂચ – વડોદરા હાઈવે પર નબીપુર નજીક ટેન્કરમાંથી કેમિકલની ચોરી થતી હોવાની બાતમી મળતાં એલસીબી પીએસઆઈ દિપસિંહ તુવર તથા તેમની ટીમે દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન સ્ટાયરીન નામનું કેમિકલ ભરેલાં ચાર કારબા મળી આવ્યાં હતાં. સ્ટાયરીન કેમિકલ ભરેલું ટેન્કર તથા એક પીકઅપ ગાડી સહિત કુલ 39.14 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. કેમિકલ ચોરીના મુખ્ય સુત્રધાર સમીર મલંગશા દિવાન સહિત કુલ 3 આરોપીને સ્થળ પરથી ઝડપી લેવાયાં છે. સુરતના હજીરા ખાતે આવેલાં અદાણી પોર્ટ પરથી ટેન્કરમાં કેમિકલ ભરીને ટેન્કર વડોદરાના નંદેસરીની એક કંપનીમાં આપવા માટે જઈ રહયું હતું પણ રસ્તામાં કેમિકલ માફીયાઓ સાથેની સાંઠગાંઠમાં તેમાંથી અમુક કેમિકલ કાઢીને બારોબાર વેચી નાખવામાં આવતું હતું. ચોરીનું કેમિકલ ખરીદનારા વેપારીઓના નામ ખુલતાં તેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યાં છે.



ટેન્કરને નબીપુર નજીક અટકાવી તેમાંથી કેમિકલ ચોરી કરવાના કૌભાંડનો પર્દાફાશ કરાયો

## ફરાર આરોપી

ધવલ પટેલ ( રહે. અમદાવાદ), નયન પટેલ, સંજય, સુરેશ પટેલ (રહે. સુરત), અને મિત પટેલ

## ઝડપાયેલા આરોપીઓ

તુલસારામ જસારામ જાટ, રહે. ધને કી ધાની, રાજસ્થાન
સત્તાર ઉર્ફે સમીર મલંગશા દિવાન, રહે. પાલેજ, ભરૂચ
વસીમ સિરાજ દિવાન, રહે. માલપુર, શિનોર

## પિકઅપવાનમાં ખાલી કારબાઓ સાથે માણસો જતાં હતાં

દહેજ તથા હજીરાથી કેમિકલ ભરીને નીકળતાં ટેન્કરોના ડ્રાઈવરો સાથે સાંઠગાંઠ થયા બાદ સમીર તથા તેના સાગરિતો પીકઅપવાન લઈને જતાં હતાં. જયાં રોડની સાઈડમાં કેમિકલ ભરેલાં ટેન્કરને ઉભું રાખવામાં આવતું હતું. બાદમાં ટેન્કરના વાલ્વનું સીલ તોડી તેમાં પાઈપ નાખીને ચારથી પાંચ કારબા ભરીને સ્ટાયરીન નામનું કેમિકલ કાઢી લેવામાં આવતું હતું. દહેજમાંથી 14 અને નબીપુરમાંથી 4 કેમિકલ ભરેલાં કારબા મળી આવ્યાં હતાં. ચોરીનું કેમિકલ અમદાવાદ અને સુરતના વેપારીઓને વેચવામાં આવતું હોવાનું બહાર આવ્યું છે. એક કારબા કેમિકલના ડ્રાઈવરને 1,500 રૂપિયા આપવામાં આવતાં હતાં.

## ત્રણ દિવસ પહેલાં દહેજમાંથી કૌભાંડ ઝડપાયું હતું

ત્રણ દિવસ પહેલાં દહેજ પોલીસે બલરામ હોટલ પાસે રોડની સાઈડમાં 7 જેટલા ટેન્કરમાંથી સ્ટાયરીન નામના કેમિકલ ચોરીના મોટા કૌભાંડને ઝડપી પાડયું હતું. જેમાં પાલેજના સમીર ઉર્ફે સત્તારશા મલંગશા દિવાનની મુખ્ય સુત્રધાર તરીકે સંડોવણી બહાર આવી હતી. એલસીબીએ તેને અન્ય સાગરિતો સાથે નબીપુર નજીકથી ઝડપી પાડયો છે. એક જ સપ્તાહમાં કેમિકલ ચોરીના બે મોટા કૌભાંડમાં અત્યાર સુધીમાં 7 આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે.

**DATE: 25/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SABDESH PAGE-12**

# કાવીના બંદર રોડ પર દરગાહ પાછળ જુગાર રમતા ૬ ઝબ્બે

। ભરૂચ ।

કાવી પોલીસનો કાફલો પેટ્રોલીંગ પર હતો તે વેળા તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, કાવી ગામના બંદર રોડ પર આવેલી દરગાહની પાછળ કેટલાક શખ્સોએ જુગારની મહેફીલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડા પાડતા ત્યાં જુગાર રમતા અદનાન ઈકબાલ શ્યાશી, જાવીદ શોકતઅલી મિયાજી અલ્તાફ ઐયુબ પટેલ, યાસીન ઐયુબ ચાંદરાત, સુહેલ ઈદ્રીશ મિયાજી તેમજ અફઝલ અબ્બાસ શ્યાશી તથા ફારૂક હાસીન લીલને ઝડપી પાડયા હતા. ટીમે તેમની અંગઝડતીમાંથી તેમજ દાવ પર લાગેલા રૂપિયા મળી કુલ ૪ હજારથી વધુની રોકડ જપ્ત કરી હતી. પોલીસને જોઈને એક શખ્સ નાસી છુટયો હતો.

જે અંગે પુછપરછ કરતા તેનુ નામ મજીદ ઈસ્માઈલ જમાદાર હોવાનું માલુમ પડયુ હતુ. પોલીસે તમામની ધરપકડ કરી મજીદ જમાદારને વોન્ટેડ જાહેર કરી તમામ વિરૂધ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 25/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-11**

# અંકલેશ્વરના રવિદ્રા ગામેથી ત્રણ જુગારી ઝડપાયા

। અંકલેશ્વર ।

પાનોલી પોલીસે રવિદ્રા ગામેથી પત્તા પાનાનો જુગાર રમતા જુગારીઓને ૭૨ હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.જ્યારે ૫ને વોન્ટેડ જાહેર કર્યા

અંકલેશ્વરના પાનોલી પોલીસે રવિદ્રા ગામેથી પત્તા પાનાનો જુગાર રમતા જુગારીઓને ૭૨ હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.જ્યારે ૫ને વોન્ટેડ જાહેર કર્યા છે.

પોલીસ સૂત્રીય માહિતી અનુસાર અંકલેશ્વર તાલુકાનાં પાનોલી વિસ્તારમાં રવીદ્રા ગામે કેટલાક ઈસમો પત્તા પાનાનો જુગાર રમતા હોવાની બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. પોલીસે જુગાર રમતા રતિલાલ વસાવા,શૈલેષ વસાવા, ગોમાન વસાવાને ઝડપી પાડ્યા હતા.જ્યારેઅન્ય ઈસમો ફરાર થઈ જતાં પોલીસે ૫ને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આ રેડમાં ત્રણ જુગારીઓ સાથે રૂપિયા ૭૨,૨૬૦નો મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો. પોલીસે તાજેતરમાં જ તાલુકામાં કેટલાક ગામોમાં ચાલતાં જુગારના અડ્ડા પર રેડ પાડી છે.

**DATE: 25/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-11**

## જંબુસર તાલુકાના દેવકૂઈ ગામેથી

# દહેજ દેશી દારૂ આપવા જતાં ખેપિયાને પોલીસે ઝડપી લીધો

। ભરૂચ ।

દહેજ પોલીસની ટીમ ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતી તે વેળા તેમને બાતમીદાર થકી ચોક્કસ માહિતી મળી હતી કે, એક શખ્સ મુલેર ચોકડી તરફથી આમોદ રોડ પર થઈ દહે એક્સેસ સ્કુટર પર દેશી દારૂનો જથ્થો લઈ જઈ રહ્યો છે. જેના પગલે ટીમે કઠોદરા ગામ પાસે યુપીએલ કંપની પાસે વોચ ગોઠવી હતી.

દરમ્યાનમાં બાતમી મુજબની એક્સેસ મોપેડ આવતા ટીમે તેને રોકાવતા ચાલકનું નામ વિશ્વાસ મનહર ઠાકોર હોવાનું જણાવ્યુ હતુ. ટીમે તલાશી લેતા તેની સીટ પર દોરડીથી બાંધેલી ચેઈનવાળા બે થેલામાં દેશીદારૂનો જથ્થો હોવાનું જણાતા તેની ગણતરી કરતા કુલ ૪૦ હજારની કિંમતનો ૨૦૦ લીટર દારૂ ભરેલો જણાયો હતો. ટીમે દેશીદારૂનો જથ્થો તેમજ સ્કુટર મળી કુલ ૯૦ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ટીમે તેની પુછપરછ કરતા તેણે કબલ્યુ હતુ કે, તે દહેજના સુરેશ મેલા રાઠોડ તેમજ સંજય ઉર્ફે બાટલો રાઠોડે તેની પાસે દેશી દારૂ મંગાવ્યો હોવાથી તે તેને આપવા માટે જઈ રહ્યો હતો. દહેજ પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ત્રણેય વિરૂધ્ધ ગુનો નોંધી સુરેશ મેલા રાઠોડ તેમજ સંજય ઉર્ફે બાટલો રાઠોડને વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે આ દારૂની હેરાફેરી બાબતે વધુ તપાસ હાથ ધરી ગુનેગારોને ઝડપી પાડવા કવાયત હાધ ધરી છે.

**અન્ય બે બૂટલેગરને વૉન્ટેડ જાહેર કરાયા**

**DATE: 26/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### અંકલેશ્વર નજીક હાઈવે પર માંડવા ટોલ પ્લાઝા પાસેથી

# કન્ટેનરમાં લઈ જવાતો રૂા.૧.૨૭ કરોડનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## કુલ ૧.૪૭ કરોડનો મુદ્દામાલ જપ્ત, ચાલકની ધરપકડ, પાંચ વૉન્ટેડ

। અંકલેશ્વર ।

અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે પર માંડવા ટોલ પ્લાઝા પાસેથી ભરૂચ ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે વડોદરાથી સુરત તરફ બંધ કન્ટેનરમાં લઈ જવાતો રૂા.૧.૨૭ કરોડનો વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડી કન્ટેનરના ચાલકની અટકાયત કરી કુલ રૂા.૧.૪૭ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા અન્ય પાંચ આરોપીને વોન્ટેડ જાહેર કર્યા હતાં.

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે પર પેટ્રોલીંગમાં હતી દરમ્યાન બાતમી મળી હતી કે એક બંધ કન્ટેનરમાં વડોદરાથી સુરત તરફ વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે, જેને પગલે પોલીસે માંડવા ટોલપ્લાઝા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળુ કન્ટેનર આવતા તેને રોકી તપાસ કરતા તેમાંથી રૂા.૧,૨૭,૪૪,૦૦૦નો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કન્ટેનરના ચાલક જગદીશ માનારામ બિશ્નોઈ ઉ.વ.૩૩, રહે કાચ્છવાણીયા કી ઢાણી દીપાવત નગર, ફતેહસાગર, પીલવા ગામ તા.લોહાવટ, રાજસ્થાનની ધરપકડ કરી કન્ટેનર સહિત કુલ રૂા.૧,૪૭,૫૪,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ડ્રાઈવરની પૂછપરછ કરતાં આ દારૂના જંગી જથ્થાની હેરાફેરીમાં અન્ય પાંચ બૂટલેગરોની સંડોવણી હોવાની કબૂલાત કરતાં પોલીસે પાંચેયને વોન્ટેડ જાહેર કરી તેમની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

**એક કન્ટેનર વડોદરાથી અને બે નવસારીથી ઝડપાયા હતાં**

આ મામલામાં ગોવાથી દારૂ ભરેલા ૫ કન્ટેનરો નીકળ્યા હતા અને તેને ગુજરાતના વિવિધ વિસ્તારોમાં સપ્લાય કરવાનો હતો. આ અગાઉ એક કન્ટેનર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે વડોદરામાંથી ઝડપી પાડ્યું હતું. તો અન્ય બે કન્ટેનરો નવસારી નજીકથી ઝડપાયા હતા. ત્યારે ચોથા કન્ટેનરને ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે અંકલેશ્વર નજીક હાઇવે પરથી ઝડપી પાડી મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ અંગે ભરૂચ નાયબ પોલીસ અધિક્ષક સી કે પટેલે જણાવ્યું હતું કે ગોવાથી વિદેશી દારૂના કન્ટેનર બિશ્નોઇ ગેંગના હોવાનું પોલીસ તપાસમાં ખુલવા પામ્યું હતું. અને પોલીસે આ ઘટનામાં સઘન તપાસ શરૂ કરી છે, અને અંકલેશ્વર શહેર A પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

**DATE: 27/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચના નંદેલાવ રોડ પર શુકન રેસિડન્સીની દુકાનમાં ચોરીનો ભેદ ઉકેલાયો

# દિવસે ગેસ્ટહાઉસમાં રૂમ રાખી રેકી કરી રાત્રે ચોરી કરતી તસ્કર ટોળકીના ત્રણ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસે તસ્કર ટોળકીના 3 સાગરિતોને ઝડપી પાડયાં છે જેમાંથી એક સગીર છે. આ ટોળકી રાજયના વિવિધ શહેરોમાં દિવસે ગેસ્ટ હાઉસમાં રૂમ ભાડે રાખીને રોકાણ કરી વિવિધ વિસ્તારોમાં રેકી કરવા માટે નીકળતી હતી. અનેક વખત રેકી કરી લીધાં બાદ ત્રણેય રાત્રિના સમયે ચોરી કરવા માટે નીકળતાં હતાં. ભરૂચના નંદેલાવ રોડ પર આવેલી શકુન રેસડન્સીના ચાર દુકાનમાં થયેલી ચોરીના ગુનાની ટોળકીએ કબૂલાત કરી છે.

19 જૂનના રોજ ભરૂચના નંદેલાવ રોડ પર આવેલા શુકન રેસીડન્સી ગ્રાઉન્ડ ફ્લોરની દુકાનોના શટર તોડી મહાદેવ પ્રોવિઝન સ્ટોર\'માંથી ચોરી કરવામાં આવી હતી. તસ્કરોએ એક સાથે ચાર દુકાનના તાળા તોડયાં હતાં પણ એક જ દુકાનમાંથી મુદ્દામાલ હાથ લાગ્યો હતો. ચોરીની ઘટના બાદ પીઆઇ આર.એમ.વસાવા, પીએસઆઇ એ.વી. શિયાળીયાએ ટીમ સાથે સ્થળની મુલાકાત લીધી હતી. પોલીસે વિવિધ વિસ્તારોમાં વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ લગાવવામાં આવેલાં કેમેરા તથા દુકાનના સીસીટીવી ફૂટેજની તપાસ હાથ ધરી હતી. દરમિયાન આ તસ્કર ટોળકી ફરીથી નંદેલાવ વિસ્તારમાં ફરી રહી હોવાની માહિતી મળતાં પોલીસે એક સગીર સહિત 3ને ઝડપી પાડયાં હતાં. અમરેલીના ડેનીશ ઉર્ફે ડેનિયો ભુપત ઘોઘારી,પ્રવિણ નારણ નાગર અને કાયદાના સંઘર્ષમાં આવેલ સગીરની અટકાયત કરવામાં આવી હતી. ત્રણેયની સઘન પૂછપરછ કરવામાં આવતાં તેમણે નંદેલાવ રોડ પર ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. તેમની પાસેથી મોબાઈલ ફોન અને રોકડ મળીને કુલ રૂ.13,000 નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**DATE: 27/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### યાત્રા રૂટ પર પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું

# અંકલેશ્વરમાં જગન્નાથ રથયાત્રાને લઈ પોલીસની ફ્લેગમાર્ચ યોજાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

આજે અંકલેશ્વર કમાલી વાડી ખાતે આવેલ ભગવાન જગન્નાથ રથયાત્રા સવારે 1 કલાક વાજતે ગાજતે નીકળશે ત્યારે યાત્રા ને પોલીસ વિભાગ પણ સજ્જ થયું છે. યાત્રા અનુલક્ષી ને ગુરુવાર ના રોજ અંકલેશ્વર ડી વાય.એસ. પી ડૉ કુશલ ઓઝા ની અધ્યક્ષતા મા, અંકલેશ્વર શહેર એડિવિઝન પોલીસ મથકના પીઆઈ પ્રગ્નેશ સિંહચાવડા સાથે ફૂટ પેટ્રોલિંગ માર્ચ નું આયોજન કરવામાં આવ્યું હતું.કમાલી વાડી ખાતે આવેલ ભગવાન જગન્નાથ મંદિર થીયાત્રા રૂટ પર 100 થી વધુ પોલીસ જવાનો જોડાયા હતા. તો પોલીસ દ્વારા રથયાત્રા નો રોડ મેપ આધારે પેટ્રોલિંગ કરી જરૂરી નિરીક્ષણ પણ કર્યું હતું અને પુનઃ મંદિર કહતે પરત ફરી ફ્લેગ માર્ચ સંપન્ન કરી હતી. આ ઉપરાંત પોલીસ દ્વારા ચાલુ વર્ષે બોડી કેમ સાથે પોલીસ જવાનો યાત્રા સાથે રહેશે. 1 ડીવાયએસપી, 2 પીઆઈ. 6 પી.એસ.આઈ. તેમજ 112 પોલીસ જવાનો અને 22 મહિલા પોલીસ ખડેપગે બંદોબસ્ત માં રહેશે.પોલીસ ની મદદ માં 3 એસ. આર. પી સેક્સન ટીમ અને 55 હોમગાર્ડ અને 70 જીઆરડી પણ ફરજ બજાવશે. પોલીસ ની વિશેષ સર્વેલન્સ સ્કોર્ડ ની એક ટીમ તેમજ ભરૂચ એસ.ઓ.જી, એલ.સી.બી , પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમ પણ બંદોબસ્ત માં જોડાશે. તો પીક પોકેટર માટે પણ પોલીસ અલગ થી સિવિલ ડ્રેસ કોર્ડ માં તૈનાત રહેશે.

**DATE: 27/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# પાનોલી પોલીસ મથકના બાઈક ચોરીના ગુનામાં આરોપીની ધરપકડ

અંકલેશ્વર તા.૨૬

ભરૂચ એલસીબીએ પાનોલી પોલીસ મથકના વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢી એક ઈસમને ઝડપી પાડયો હતો.

## ભરૂચ એલસીબીએ ચોરીની બાઈક સાથે ઝડપી લીધો

ભરૂચ એલસીબીનો સ્ટાફ પાનોલી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે પાનોલી પોલીસ મથકના વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલ ઈસમ ચોરીની બાઈક સાથે બાકરોલ બ્રિજ નીચે ઉભેલ છે.જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી.અને બાતમી વાળા ઈસમને પકડી તેની પૂછપરછ કરતા તેણે પાનોલી જીઆઈડીસીની સોન્ગવોન કંપની બહારથી બાઈકની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

પોલીસે બાકરોલ બ્રિજ પાસે રામ નગરમાં રહેતો અંગદ રામ પ્યારે પ્રજાપતિની ધરપકડ કરી ૬૦ હજારની બાઈક કબ્જે કરી હતી.

**DATE: 27/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### અંકલેશ્વર હાઈવે ઉપર મોતાલી પાટિયા નજીક

# કારમાં લઈ જવાતો રૂ.૩.૫૦ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## કાર ચાલકની ધરપકડ કરાઈ, અન્ય બે વૉન્ટેડ જાહેર કરાયા

। અંકલેશ્વર ।

અંકલેશ્વર પાસે ના નેશનલ હાઈ વે નંબર ૪૮ ઉપર મોતાલી પાટિયા નજીક અમરાવતી બ્રિજ પાસે થી ભરૂચ એલસીબી પોલીસે વિદેશીદારૂ નો જથ્થો ભરેલ સ્વીફ્ટ કાર સાથે ઝાડેશ્વર ની દુબઇ ટેકરી માં રહેતા કાર ચાલક ની ધરપકડ કરી અન્ય બે ઈસમો ને વોન્ટેડ જાહેર કરી ૪૫ હજારનો વિદેશીદારૂ અને કાર તેમજ મોબાઈલ મળી રૂપિયા ૩ લાખ ૫૦ હજાર ઉપરાંત નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચ એલસીબી પોલીસ ની ટિમ અંકલેશ્વર વિસ્તાર માં પેટ્રોલિંગ માં હતી તે દરમ્યાન એક સ્વીફ્ટ કાર વિદેશીદારૂ નો જથ્થો ભરી નેશનલ હાઈવે ઉપર સુરત તરફથી ભરૂચ તરફ આવી રહી હોવાની માહિતી મળી હતી ,જે માહિતી ના આધારે એલસીબી ની ટીમે અંકલેશ્વર પાસે ના નેશનલ હાઈવે ઉપર મોતાલી પાટિયા નજીક અમરાવતી બ્રિજ પાસે વોચ ગોઠવી હતી.

દરમ્યાન કાર આવતા તેને રોકી કાર માં તલાસી લેતા અંદર થી વિદેશીદારૂ નો જથ્થો મળી આવ્યો હતો ,પોલીસે ઝાડેશ્વર ની દુબઈ ટેકરી માં રહેતા કાર ચાલક પ્રજ્ઞેશ કાંતિ વસાવા ની ધરપકડ કરી રૂપિયા ૪૫ હજાર ઉપરાંત નો વિદેશીદારૂ નો જથ્થો ૩ લાખ ની સ્વીફ્ટ કાર અને મોબાઈલ મળી કુલ રૂપિયા ૩ લાખ ૫૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી તેની પૂછપરછ કરતા, તેના ફળીયા નો નવીન રણછોડ વસાવા એ કોસંબા પાસે આવેલ નંદાવ ગામે વિદેશીદારૂ નો જથ્થો લેવા મોકલ્યો હતો અને નંદાવ ગામનો ચિરાગ નામના ઈસમે આપ્યો હોવાનું જણાવ્યું હતું.

પોલીસે નવીન વસાવા અને નંદાવ ગામના ચિરાગ નામના ઈસમ ને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુદ્ધ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથક માં ફરિયાદ દર્જ કરાવી હતી ,પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે દારૂનો જથ્થો ક્યાંથી લાવતાં હતાં, અને ક્યાં લઈ જવાતો હતો તે બાબતે તપાસ કરી છે.

**DATE: 28/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 1.78 લાખની ચોરીમાં સંડોવાયેલા તમામ આરોપી સાંસરોદના રહેવાસી નીકળ્યાં

# પાલેજની સુયોગ કંપનીમાંથી સર સામાનની ચોરી કરનારા પાંચ તસ્કરોને ઝડપી લેવાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની પાલેજ જીઆઈડીસીની સુયોગ કંપનીમાં 1.78 લાખની ચોરીના મામલામાં પોલીસે પાંચ આરોપીની ધરપકડ કરી છે. તેમની પાસેથી 38 હજારનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સુયોગ કંપનીના સ્ટોરરૂમમાંથી રૂ. 1,78,000ની કિંમતના વિવિધ મશીનો અને ભાગોની ચોરી થઈ હતી. ચોરી થયેલા સામાનમાં




લિફટર, ફ્લાન્સ, ઈલેક્ટ્રીક મોટર, બર્નર ઢાકણ, કોન્વેયર બેલ્ટ રોટર અને મીલ ડાયફ્રોર્મનો સમાવેશ થાય છે. પાલેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી. પીઆઈ કોમલ વ્યાસના માર્ગદર્શન હેઠળની ટીમે આસપાસના વિસ્તારોમાં લાગેલાં સીસીટીવીના ફૂટેજની તપાસ કરતાં આરોપીઓનું પગેરૂ મળ્યું હતું. પોલીસે કરજણ તાલુકાના સાંસરોદ ગામમાં રહેતાં અક્ષય પટેલ, અજય વસાવા, નીતીન વસાવા, રાજેશ વસાવા અને સંજય વસાવાને ઝડપી પાડી તેમની પૂછપરછ કરતાં તેમણે ચોરીના ગુનાની કબૂલાત કરી હતી. આરોપીઓ પાસેથી 20,000ની કિંમતની 10 HP ઈલેક્ટ્રીક મોટર અને રૂ. 18,000ની કિંમતની 6 લોખંડની પ્લેટો કબજે કરી છે. આરોપીઓમાં ચોરી કરનારાઓ તથા ચોરીનો માલ ખરીદનારાઓનો સમાવેશ થવા જાય છે. ટોળકીએ અન્ય કોઈ સ્થળે ચોરી કરી છે કે કેમ સહિતની વિગતો પોલીસ મેળવી રહી છે.

**DATE: 29/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### અંકલેશ્વર નજીક માંડવા ટોલપ્લાઝા પાસેથી

# ટ્રકમાં ક્રૂરતાપૂર્વક લઈ જવાતા ૧૫ પશુ બચાવાયા

**અંકલેશ્વર :** અંકલેશ્વર હાઈવે ઉપર માંડવા ટોલપ્લાઝા નજીકથી ક્રુરતાપૂર્વક ભરેલ ૧૫ ભેંસ ભરેલ ટ્રકને બી ડિવિઝન પોલીસે ઝડપી પાડી હાટ અને ટ્રક ચાલકની અટકાયત કરી ભેંસ ભરાવનાર અને ક્લીનરને વોન્ટેડ જાહેર કરી ૧૫ ભેંસને મુક્ત કરી હતી.

ઓલપાડ તાલુકા ના સાયણ ગામ ખાતે રહેતા રામ તુલસી પટેલ જન સુવિધા કેન્દ્ર ચલાવે છે તેમને માહિતી મળી હતી કે વડોદરા તરફથી એક ટ્રક માં ખીચોખીચ અને ક્રૂરતાપૂર્વક રીતે ભેંસો ભરી છે જે માહિતી ના આધારે તેઓ તેમની ટિમ સાથે અંકલેશ્વર ના માંડવા ટોલપ્લાઝા પાસે આવી પહોંચી ટ્રક ને ઝડપી લીધી હતી અને અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકમાં જાણ કરતા પોલીસ કાફ્લો આવી પહોંચ્યો હતો પોલીસે ટ્રકમાં તપાસ કરતા ક્રુરતાપૂર્વક ઘાસચારો અને પાણીની વ્યવસ્થા વગર ખીચોખીચ ૧૫ ભેંસો મળી આવી હતી પોલીસે પાટણના સિદ્ધપુર તાલુકાના ટ્રક ચાલક ,આસીફઅબ્દુલ્લા રાજ મોહમ્મદ માકણોજીયાની અટકાયત હતી, જો કે ક્લીનર સમીર મહેબૂબ બલોચ ફરાર થઈ ગયો હતો પોલીસે ટ્રક ચાલકની પૂછપરછ કરતા આંણદના સામરખા ગામના નબીભાઈ હાજીએ ભરી આપી ધુલીયા ખાતે મંડીમાં વેપાર માટે લઈ જવાની હોવાનું જણાવ્યું હતું ,પોલીસે ૧૫ જેટલી ભેંસો મુક્ત કરાવી પાંજરાપોળ ખાતે મોકલી આપી હતી.

**DATE: 29/06/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# સોશિયલ મીડિયા ઉપર નેતાઓને બેફામ ગાળો આપનાર વૃદ્ધની ધરપકડ

ભરૂચ,તા.૨૮

ભરૂચ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી સોશિયલ મીડિયા ઉપર અભદ્ર ગાળો લખીને અને રાજકીય નેતાઓ પર અભદ્ર ટિપ્પણી કરીને ઉપદ્રવ ફેલાવનાર ૬૦ વર્ષના વૃદ્ધની સામગુનો દાખલ કરી સાયબર પોલીસે તેની ધરપકડ કરી છે.

## વૃધ્ધ ભરૂચ નજીક ચાવજ ગામના છે, વિમાન દુર્ઘટના બાદ પણ નેતાઓને ગાળો આપી હતી, પોલીસ પોતે ફરિયાદી બની

આ કેસમાં ભરૂચ સાઈબર પોલીસ ખુદ ફરિયાદી બની છે. ફરિયાદ મુજબ ભરૂચ નજીક આવેલા ચાવજ ખાતે રહેતા ૬૦ વર્ષના મૈયજીભાઈ નરોત્તમભાઈ પટેલ પોતાના સોશિયલ મીડિયાના એકાઉન્ટ ઉપરથી વિવિધ રાજકીય નેતાઓની પોસ્ટ ઉપર અભદ્ર ગાળો લખવા સાથે રાજકીય ટિપ્પણી કરતા હતા. તેમણે વિમાનની દુર્ઘટના મુદ્દે પણ નેતાઓ સામે અભદ્ર ટિપ્પણી કરી હોવાની જાણ થતાં સાઈબર પોલીસે તપાસ શરૂ કરી હતી જેમાં અયોગ્ય કન્ટેન્ટ જોવા મળતા પોલીસે મૈયજી પટેલની પૂછપરછ કરતા તેઓ જ સોશિયલ મીડિયા ઉપર વાતાવરણ ડોહવડાવવાનો પ્રયાસ કરતા હોય તેવું સામે આવતા પોલીસે તેની સામે સાયબર એક્ટ મુજબ ગુનો દાખલ કરી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

સાયબર ક્રાઈમ પોલીસ મથકના પીઆઈ વિજય બારડે પણ કહ્યું હતું કે સોશિયલ મીડિયાનો સદુપયોગ કરવો જોઈએ દૂર ઉપયોગ નહીં જો સાઈબરના કાયદામાં રહેશે તો ફાયદામાં રહેશે તેમ કહી તમામ નાગરિકોને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી વાપરવા માટે સૂચનો પણ આપ્યા છે.